અપીલ અરજી નં.૪૧ તા.૨૫-૪ -૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૧–૩–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સાઉથ ઈસ્ટઝોન (લીંબાયત)ના હાલના શહેરી વિકાસમાં હાલમાં જુની. ઈજનેર તરીકે ફરજ બજાવતાં યોગેશ પટેલ તેમના અહીંના ફરજકાળ દરમ્યાન જે ગેરકાયદે ઉભા થયેલ બાંધકામો બાબતે મિલ્કતધારકને કામ અટકાવવા અંગે અથવા દુર કરવા અંગે નોટીસો આપી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪૧/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૧–૩–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સાઉથ ઈસ્ટઝોન (લીંબાયત)ના હાલના શહેરી વિકાસમાં હાલમાં જુની. ઈજનેર તરીકે ફરજ બજાવતાં યોગેશ પટેલ તેમના અહીંના ફરજકાળ દરમ્યાન જે ગેરકાયદે ઉભા થયેલ બાંધકામો બાબતે મિલ્કતધારકને કામ અટકાવવા અંગે અથવા દુર કરવા અંગે નોટીસો આપી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૨ તા.૩૦–૪–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૧–૩–૧૧ ની અરજીથી સા.ઈ.ઝોન લીંબાયતઝોનમાં જુની. ઈજનેર તરીકે ફરજ બજાવતા યોગશ પટેલની કામગીરી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) સાઉથ ઈસ્ટઝોન (લીંબાયત)ના હાલના શહેરી વિકાસમાં હાલમાં જુની. ઈજનેર તરીકે ફરજ બજાવતાં યોગેશ પટેલ તેમના અહીંના ફરજકાળ દરમ્યાન જે ગેરકાયદે ઉભા થયેલ બાંધકામો બાબતે મિલ્કતધારકને કામ અટકાવવા અંગે અથવા દુર કરવા અંગે નોટીસો આપી હોય તે તમામ નોટીસોની નકલો આપશો. મુદ્દા નં.(૨) આ નોટીસ આપ્યા બાદ કેટલા બાંધકામોનું ડીમોલીશન આપના વિભાગ ધ્વારા કરવામાં આવ્યું તેવા મિલ્કતધારકોના નામ, સરનામા ડીમોલીશન કર્યાની તારીખ તથા ડીમોલીશન કર્યા બાદ વસુલ કરવામાં આવેલ વહીવટી ચાર્જ તથા ડીપોઝીટની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. જે બાબતે નિયત સમય અવધિમાં પ્રતિભાવ ન મળ્યાનું હોવાનું જણાવી અરજદારે તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,